# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 02-01-2025** **MORNING : 7.45 to 7.55**
**Day : THURSDAY** **National News**

આકાશવાણી સમાચાર **જયેશ વેગડા** વાંચે છે.

***************************************************

1) કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ આજે નવી દિલ્હીમાં જમ્મુ કાશ્મીર અને લદ્દાખના ઇતિહાસ રજૂ કરતાં એક પુસ્તકનું વિમોચન કરશે
2) ઈરાનના નાયબ વિદેશ મંત્રી માજિદ તખ્ત રાવંચી આજથી બે દિવસ ભારતના પ્રવાસે
3) ભોપાલ ગેસ દુર્ઘટનાના ચાલીસ વર્ષ બાદ યુનિયન કાર્બાઈડ ફેક્ટરીમાંથી 377 ટન જોખમી કચરાના નિકાલનું કામ ગઈકાલે રાત્રે શરૂ કરાયું
4) મહારાષ્ટ્રમાં 11 માઓવાદીઓએ મુખ્યમંત્રી સમક્ષ આત્મસમર્પણ કર્યું
5) પ્રજાસત્તાક દિવસની પરેડ અને બીટિંગ રિટ્રીટ સેરેમની માટેની ટિકિટના વેચાણનો આજથી આરંભ થશે
6) બેંગ્લોરમાં મહિલા ફૂટબોલની બીજી ફિફા ઈન્ટરનેશનલ ગુડવિલ મેચમાં આજે ભારત અને માલદીવ વચ્ચે મેચ

***************************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# AMIT SHAH-BOOK RELEASE

કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહ આજે નવી દિલ્હીમાં એક કાર્યક્રમમાં જમ્મુ કાશ્મીર અને લદ્દાખ – થ્રૂ ધ એજેજ નામના પુસ્તકનું વિમોચન કરશે. આ પ્રસંગે કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાન સહિત અનેક પ્રતિષ્ઠિત લેખકો, શિક્ષણવિદો, મંત્રાલયના અધિકારીઓ અને મહેમાનો ઉપસ્થિત રહેશે.

જમ્મુ-કાશ્મીર અને લદ્દાખનો ત્રણ હજાર વર્ષનો ઇતિહાસ જમ્મુ-કાશ્મીર અને લદ્દાખઃ થ્રુ ધ એજીસ પુસ્તકના સાત ભાગમાં રજૂ કરવામાં આવ્યો છે. નેશનલ બુક ટ્રસ્ટ અને ભારતીય ઐતિહાસિક સંશોધન પરિષદના સહયોગથી આ પુસ્તક હિન્દી અને અંગ્રેજી બંને ભાષાઓમાં પ્રકાશિત કરવામાં આવ્યું છે.

# IRAN DY FOREIGN MINISTER

ઈરાનના નાયબ વિદેશ મંત્રી માજિદ તખ્ત રાવંચી આજથી બે દિવસીય ભારતની મુલાકાતે છે. આજે અને આવતીકાલે તેઓ નવી દિલ્હીમાં ઈરાન-ભારત રાજકીય પરામર્શના 19મા તબક્કામાં ભાગ લેશે. ભારત અને ઈરાન વચ્ચે લાંબા સમયથી ઐતિહાસિક સંબંધો છે જે સાંસ્કૃતિક અને આર્થિક સંબંધોને કારણે મજબૂત બન્યા છે. 2003 માં, આ સંબંધો બંને દેશો વચ્ચે એક મહત્વપૂર્ણ ભાગીદારી કરાર દ્વારા મજબૂત બન્યા છે. આ ભાગીદારી ખાસ કરીને ઉર્જા અને વેપાર ક્ષેત્રે વિકસિત થઈ છે અને વર્ષ 2022-23માં દ્વિપક્ષીય વેપાર સાડા સત્તર અબજ ડોલર સુધી પહોંચી હતી.

# BHOPAL GAS TRAGEDY

ભોપાલ ગેસ દુર્ઘટનાના ચાલીસ વર્ષ બાદ યુનિયન કાર્બાઈડ ફેક્ટરીમાંથી 377 ટન જોખમી કચરોના નિકાલ કરવાનું  કામ ગઈકાલે રાત્રે શરૂ કરાયું છે. આ ઝેરી કચરો ભોપાલથી અઢીસો કિલોમીટર દૂર ધાર જિલ્લાના પીથમપુર ઔદ્યોગિક વિસ્તારમાં બાર સીલબંધ કન્ટેનરમાં લઈ જવામાં આવી રહ્યો છે. ભોપાલ ગેસ દુર્ઘટના રાહત અને પુનર્વસન વિભાગના નિયામક સ્વતંત્ર કુમાર સિંહે જણાવ્યું હતું કે આ વાહનો માટે ગ્રીન કોરિડોર બનાવવામાં આવ્યો છે. તેમણે કહ્યું કે આમાંથી કેટલોક કચરો પીથમપુરના કચરા નિકાલ યુનિટમાં બાળવામાં આવશે અને રાખમાં હાનિકારક તત્વોની હાજરી અંગે પરીક્ષણ કરાશે. ભઠ્ઠીમાંથી નીકળતો ધુમાડો ચાર ખાસ ફિલ્ટર દ્વારા બહાર આવશે જેથી આસપાસનો વિસ્તાર પ્રદૂષિત ન થાય.

આ અંગે વધુ વિગતો આપે છે અમારા સંવાદદાતા સંજીવ શર્મા

(બાઈટ)

ઉલ્લેખનીય છે કે બીજી અને ત્રીજી ડિસેમ્બર 1984ની રાત્રે યુનિયન કાર્બાઈડ જંતુનાશક  ફેક્ટરીમાંથી અત્યંત ઝેરી મિથાઈલ આઈસોસાયનેટ ગેસ લીક થયો હતો. આ ઘટનામાં લગભગ પાંચ હજાર 479 લોકોના મોત થયા હતા અને હજારો લોકો ગંભીર અને લાંબા  ગાળાની સ્વાસ્થ્ય સમસ્યાઓથી પીડાતા હતા. આ ઘટનાને વિશ્વની સૌથી ખરાબ ઔદ્યોગિક દુર્ઘટનાઓમાંની એક માનવામાં આવે છે. મધ્યપ્રદેશ વડી અદાલતે કચરાના નિકાલ કરવા માટે ચાર અઠવાડિયાની સમયમર્યાદા  નક્કી કરી છે.

## INDIA - GREENHOUSE GAS

દેશમાં ગ્રીનહાઉસ ગેસના ઉત્સર્જનને ઘટાડવાના પ્રયાસોના હકારાત્મક પરિણામો મળ્યા છે. વર્ષ 2020માં ગ્રીનહાઉસ ગેસના ઉત્સર્જનમાં અગાઉના વર્ષની સરખામણીએ લગભગ આઠ ટકાનો ઘટાડો જોવા મળ્યો હતો. સંયુક્ત રાષ્ટ્ર આબોહવા પરિવર્તન કાર્યાલયને આપવામાં આવેલી માહિતી મુજબ ભારતના જીડીપીમાં વર્ષ 2005 અને 2020 દરમ્યાન ગ્રીનહાઉસ ગેસના ઉત્સર્જનમાં 36 ટકાનો વધુ ઘટાડો થયો છે.

સંયુક્ત રાષ્ટ્ર આબોહવા પરિવર્તન સંધિના ડ્રાફ્ટને મોકલવામાં આવેલા ચોથા દ્વિવાર્ષિક રિપોર્ટ મુજબ, વર્ષ 2020માં કુલ રાષ્ટ્રીય ઉત્સર્જન 295 કરોડ 90 લાખ ટન કાર્બન જેટલું હતું. જો કે વર્ષ 1994થી ગ્રીનહાઉસ ગેસ ઉત્સર્જન હજુ પણ 98.34 ટકા વધુ છે. ભારત તેના આબોહવા પરિવર્તનના લક્ષ્યોને પૂર્ણ કરવા તરફ આગળ વધી રહ્યું છે. વર્ષ 2030 સુધીમાં તેમાં 45 ટકાનો ઘટાડો કરવાનો અને બિન-અશ્મિભૂત ઇંધણમાંથી 50 ટકા ઇલેક્ટ્રિક ઉર્જા ક્ષમતા હાંસલ કરવાનો લક્ષ્યાંક છે. ઉર્જા ઉત્પાદન, કૃષિ અને ઉદ્યોગોમાંથી મોટા પાયે ગેસ ઉત્સર્જન વચ્ચે પર્યાવરણીય મુદ્દાઓને ઉકેલ માટે ભારત વિકાસની ગતિ જાળવી રાખવાનો પ્રયાસ કરી રહ્યું છે.

# MAHA – SURRENDER

મહારાષ્ટ્રના ગઢચિરોલી જિલ્લામાં ગઈકાલે મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસ સમક્ષ કટ્ટર નેતા સહિત 11 માઓવાદીઓએ આત્મસમર્પણ કર્યું હતું. મુખ્યમંત્રીએ ગઈકાલે નવા વર્ષનો પહેલો દિવસ ગઢચિરોલીમાં વિતાવ્યો હતો. આ માઓવાદીઓમાં આઠ મહિલાઓ અને ત્રણ પુરૂષો છે. મહારાષ્ટ્રમાં તેમના પર એક કરોડ રૂપિયાથી વધુનું ઈનામ જાહેર કરાયું હતું. છત્તીસગઢ સરકારે તેમના

પર ઈનામની જાહેરાત પણ કરી હતી. આ માઓવાદીઓને તેમના જીવન નિર્વાહ માટે 86 લાખ રૂપિયાની આર્થિક સહાય આપવામાં આવી છે.

મુખ્યમંત્રી ફડણવીસે કહ્યું કે હવે ઉત્તર ગઢચિરોલીને નક્સલવાદથી મુક્ત થયો છે અને ટૂંક સમયમાં જ દક્ષિણનો ભાગ પણ ઉગ્રવાદથી મુક્ત થઈ જશે. તેમણે કહ્યું કે છેલ્લા ચાર વર્ષમાં એક પણ યુવક માઓવાદમાં જોડાયો નથી, જે એક મોટી સિદ્ધી છે. તેમણે જણાવ્યું કે 11 ગામોમાં નક્સલવાદીઓ પર પ્રતિબંધ છે. મુખ્યમંત્રીએ કહ્યું કે આગામી સમયમાં ગઢચિરોલીને સ્ટીલ સિટીનો દરજ્જો અપાશે. શ્રી ફડણવીસે અહેરીથી ગરદેવારા સુધીની બસ સેવાનો પણ આરંભ કરાવ્યો હતો અને બસમાં મુસાફરી કરી હતી. તેમણે જિલ્લામાં ગ્રીન માઈનિંગ પ્રોજેક્ટ  નો પણ આરંભ કરાવ્યો હતો.

# IMD WEATHER

હવામાન વિભાગે આજે ઉત્તરપ્રદેશમાં કેટલીક જગ્યાએ તીવ્ર ઠંડી પડવાની આગાહી કરી છે. પંજાબ, હરિયાણા, ચંદીગઢ અને મધ્યપ્રદેશમાં પણ તીવ્ર ઠંડીની આગાહી કરવામાં આવી છે. હિમાચલ પ્રદેશ, રાજસ્થાન, મધ્યપ્રદેશ, છત્તીસગઢ અને પશ્ચિમ બંગાળના તરાઈ  વિસ્તારોમાં રાત્રિ અને સવારના સમયે ગાઢ ધુમ્મસની સંભાવના છે. સિક્કિમ, આસામ, મેઘાલય, નાગાલેન્ડ, મણિપુર, મિઝોરમ અને ત્રિપુરામાં આગામી બે-ત્રણ દિવસ સુધી આવી જ સ્થિતિ પ્રવર્તી શકે છે.

હવામાન વિભાગે આગામી પાંચ દિવસમાં ઉત્તર-પશ્ચિમ ભારતમાં લઘુત્તમ તાપમાનમાં ત્રણથી પાંચ ડિગ્રી સેલ્સિયસનો વધારો થવાની આગાહી કરી છે. મહારાષ્ટ્રમાં આગામી બે-ત્રણ દિવસ દરમિયાન લઘુત્તમ તાપમાનમાં બેથી ત્રણ ડિગ્રી સેલ્સિયસનો વધારો થઈ શકે છે.

હવામાન વિભાગના મહાનિર્દેશક મૃત્યુંજય મહાપાત્રાએ જણાવ્યું હતું કે પૂર્વ, ઉત્તર-પશ્ચિમ અને મધ્ય-પશ્ચિમ ભાગોના કેટલાક ભાગો સિવાય, આ મહિને દેશના મોટાભાગના ભાગોમાં લઘુત્તમ તાપમાન સામાન્ય કરતાં વધુ રહેવાની ધારણા છે.

# REPUBLIC DAY – TICKET

પ્રજાસત્તાક દિવસની પરેડ અને બીટિંગ રીટ્રીટ સેરેમની માટેની ટિકિટના વેચાણનો આજથી આરંભ થઈ રહ્યો છે. સંરક્ષણ મંત્રાલયે કહ્યું કે ઓરિજિનલ ફોટો ઓળખકાર્ડ બતાવીને સેના ભવન, શાસ્ત્રી ભવન, જંતર-મંતર, પ્રગતિ મેદાન અને રાજીવ ચોક મેટ્રો સ્ટેશનથી ટિકિટ ખરીદી શકાય છે. આ ઉપરાંત વેબ સાઇટ આમંત્રણ.mod.gov.in અને આમંત્રણ મોબાઈલ એપ પરથી પણ ટિકિટ સીધી ખરીદી શકાય છે. 26 જાન્યુઆરીએ પ્રજાસત્તાક દિવસની પરેડ માટે ટિકિટની કિંમત 20 થી 100 રૂપિયા અને બીટીંગ રીટ્રીટ માટે 20 રૂપિયા હશે.

# WOMEN'S FOOTBALL

બેંગલુરુમાં રમાઈ રહેલી મહિલા ફૂટબોલની બીજી ફિફા ઈન્ટરનેશનલ ગુડવિલ મેચમાં આજે ભારત માલદીવ સામે ટકરાશે. મેચ બપોરે સાડા ત્રણ વાગે શરૂ થશે.

ભારતે પ્રથમ ગુડવિલ મેચમાં 14-0થી શાનદાર જીત નોંધાવી હતી.

## હવે આજના અખબારોના મુખ્ય સમાચાર રજૂ કરે છે કરણ મકવાણા

- આજના મોટાભાગના સમાચાર પત્રોએ અમેરિકામાં થયેલા આતંકી હુમલાના સમાચારને મુખ્યશીર્ષકમાં લીધા છે. ગુજરાત સમાચાર લખે છે, નવા વર્ષનો

લોહિયાળ પ્રારંભ- અમેરિકામાં આતંકી હુમલોઃ ટ્રક ચઢાવી 12ને કચડ્યા. નવગુજરાત સમયે “અમેરિકામાં ન્યૂયરની ઉજવણીમાં આતંકી હુમલો- 10ના મોત”ને મુખ્યશીર્ષક બનાવ્યું છે. તો સંદેશે યુએસમાં નવા વર્ષની હિંસક શરૂઆત, 12 મોત શીર્ષક સાથે સમાચાર પ્રકાશિત કર્યા છે. રાજસ્થાન પત્રિકા લખે છે, નયે સાલ પર કેન્દ્રને દિયા કિસાનો કો તોહફા, ખાદ પર સબસિડી બઢી.

- દિવ્ય ભાસ્કરનું મુખ્યશીર્ષક છે- રાજ્યના નવ નગર હવે નવા મહાનગર.. તો ફૂલછાબે મોરબી, પોરબંદર અને સુરેન્દ્રનગરને મહાપાલિકોનો દરજ્જોના સમાચારને મુખ્યશીર્ષક તરીકે લીધા છે.
- નવગુજરાત સમય સ્થાનિક પાના પર લખે છે- ગુજરાતમાં દારૂબંધી વચ્ચે SMC એ 22.51 કરોડનો દારૂ ઝડપ્યો.
- દિવ્ય ભાસ્કરે ગુજરાતમાં 25 જીલ્લાના ભૂગર્ભ જળમાં હૃદયની ગંભીર બીમારીઓ નોતરે તેવા તત્વો મળી આવ્યાના શીર્ષક હેઠળ વિશેષ અહેવાલ પ્રકાશિત કર્યો છે.
- સંદેશ સ્થાનિક પાને નવા વર્ષની ગિફ્ટ- દરેક પ્રકારની પોલીસ ફરિયાદ ઓનલાઇન કરી શકાશે, ટૂંક સમયમાં અમલીકરણના સમાચારને સ્થાન આપ્યું છે.
- ગુજરાત સમાચારે સ્થાનિક પાને ધો-12 સાયન્સની પ્રિલિમ પરીક્ષા 22ને બદલે હવે 16 જાન્યુઆરીથી આ સમાચારને સ્થાન આપ્યું છે.
- ગુજરાત સમાચારે રમતગમત પાના પર ભારત માટે કપરાં ચઢાણ- સીડનીમાં ઓસ્ટ્રેલિયા 13 વર્ષથી કોઇપણ ટીમ સામે ટેસ્ટ હાર્યું નથી.